**તા. ૫/૧/૨૫ : સ્વાનંદ સંસ્થા મૂલદના શ્રી નામદેવજી સ્વામી તથા તેમની ટીમ દ્વારા શાળામાં આરોગ્ય વિષયક આયુર્વેદિક કેમ્પ યોજાયો.**

**તા. ૨૦/૧/૨૫ : સાર્થક ફાઉન્ડેશન ચેરીટેબલ તથા વનવિભાગનાં સહયોગથી કરુણા અભિયાન**માં ધો. ૧ થી ૮ નાં બાળકોએ ઉત્તરાયણનાં પર્વને કપાયેલી દોરીનું એકત્રીકરણ કરીને ફાઉન્ડેશનને જમા કરાવી.





**તા. ૨૬/૦૧/૨૦૨૫ : ૭૬ માં પ્રજાસત્તાક દિનની શાનદાર ઉજવણી :** શાળામાં ૭૬મા પ્રજાસત્તાક દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી. જેમાં મુખ્ય મહેમાન તરીકે શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની **મા.શ્રી ડૉ. નિરાલીબેન પિયુષભાઇ સિધ્ધપુરા** (MBBS, M.S. – Ophthalmologist નારાયણ હોસ્પિટલ અને રીસર્ચ સેન્ટર, ભરૂચ.) **મા. શ્રી ડૉ.મિલનભાઇ શાહ** (એસોસિએટ પ્રોફેસર, બી.ઍડ્.કૉલેજ,બોરસદ) તથા **શ્રી પિયુષભાઇ સિધ્ધપુરા** મહેમાનશ્રીઓના વરદ્હસ્તે ધ્વજવંદનવિધિ કરવામાં આવી હતી.

શાળાના વિદ્યાર્થીઓએ પર્વને અનુરૂપ દેશભકિત ગીતો તેમજ નૃત્ય રજૂ કર્યા હતાં. શિશુ વિભાગનાં ગુજરાતી/અંગ્રેજી માધ્યમનાં બાળકોએ દેશભકતોની વેશભૂષા ધારણ કરી પોતાની વાક્છટા દ્વારા બધાને મંત્રમુગ્ધ કરી દીધાં હતાં. સાથે SPC નાં વિદ્યાર્થીઓએ સુંદર પરેડ રજૂ કરી હતી. આ પ્રસંગે કલા મહાકુંભમાં જિલ્લા કક્ષાએ વિજેતા નીવડેલા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. અંતે મહેમાનશ્રીઓ દ્વારા પ્રસંગોચિત ઉદ્બોધન કરાયું હતું. દેશભકિતનાં નારાથી સમગ્ર વાતાવરણ ગૂંજી ઉઠયું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી જિજ્ઞેશભાઇ જોષી (આચાર્ય, નોન ગ્રાન્ટેડ વિભાગ ગુ.મા.), શ્રીમતિ બિનીતાબેન ગોહિલ (આચાર્યા, ગ્રાન્ટેડ વિભાગ ગુ.મા.), શ્રીમતિ વિદ્યાબેન રાણા (આચાર્યા, અં.મા.), શ્રીમતિ ઉર્વશીબેન જાની (ઇ. આચાર્યા, કોમર્સ વિભાગ), શ્રીમતી કંચનબેન પરમાર તથા SPC પ્રવૃત્તિના સંચાલક શ્રી સુરેશભાઇ પ્રજાપતિ અને શૈલેન્દ્રસિંહ ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું.

---

**ભકિતભાઇ એમ. પટેલ**
(M.L.S) નિવૃત્ત ગ્રંથપાલ
તા. ૧૬/૧/૨૦૨૫

પ્રતિ,
નિયામકશ્રી,
ડૉ. ભગુભાઇ પ્રજાપતિ સાહેબ,
નારાયણ વિદ્યાલય, ભરૂચ

મને આપની સંસ્થામાં તા. ૯/૧/૨૫ (ગુરૂવાર) નાં રોજ જ્ઞાનોત્સવ કાર્યક્રમમાં મહેમાન તરીકે મને આમંત્રણ આપવા બદલ આપનો ખૂબ-ખૂબ આભાર માનું છું.

આપની શાળામાં ગુજરાતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર પ્રેરિત શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર મુજબ અભ્યાસી/ સહ અભ્યાસી પ્રવૃત્તિઓ જેવી કે સાહિત્ય કલા, સાંસ્કૃતિક, ગણિત-વિજ્ઞાન, યોગ અને વ્યકિતત્વ વિકાસ પ્રવૃત્તિ, સમાજલક્ષી પ્રવૃત્તિ, કેરિઅર કોર્નર, ઇકો કલબ તથા સંરક્ષણ પ્રવૃત્તિ, વન્ય પ્રાણી તથા પ્રાકૃતિક શિક્ષણ,ડિજિટલ ઇકોનોમી માહિતી અને માર્ગદર્શન, ખેલ મહાકુંભ, બાળ પ્રતિભા, કલા મહાકુંભ જેવી અન્ય પ્રવૃત્તિઓ આપની શાળામાં કરવામાં આવે છે. જે ખરેખર અભિનંદનને પાત્ર છે. આપની શાળામાં જ્ઞાનોત્સવ- ૭૪૧ પ્રોજેકટ પ્રવૃતિ રજૂ કરવામાં આવી. જે બાળકનાં સાચા અર્થમાં ભણતર અને ઘડતર થાય છે. બાળક ભવિષ્યમાં ડૉકટર, વકીલ, લેખકો, કવિ, વૈજ્ઞાનિકો, શિક્ષકો, સામાજિક સેવકો તેમજ ઉત્તમ નાગરિકો થશે, જેનો લાભ સમાજ, રાજય અને દેશને થશે.

નારાયણ વિદ્યાલયમાં વિદ્યાર્થી અભ્યાસ કરીને બહાર જશે ત્યારે આપની શાળાનું નામ રોશન કરશે. છેલ્લા દશ વર્ષમાં ફકત આપની શાળા રાજયમાં પ્રથમ કક્ષાની છે.

આપશ્રી તથા આચાર્ય તથા સ્ટાફગણની સતત મહેનતને લીધે શકય બન્યું છે. જે બદલ તમામને ખૂબ-ખૂબ અભિનંદન.

આભાર સહ.

આપનો વિશ્વાસુ,
**ભતિકભાઇ એમ. પટેલ**

# બાળપ્રતિભા શોધ સ્પર્ધા ૨૦૨૪-૨૫ ગુજરાતી માધ્યમ (ધો. ૧ થી ૮ : પ્રાથમિક વિભાગ)

કન્વીનર શિક્ષક : શેફાલીબેન ઠાકર, નયનાબેન પટેલ, શ્વેતાબેન

| ક્રમ | સ્પર્ધાનું નામ | વિભાગ | સ્પર્ધકનું નામ | જિલ્લા કક્ષા પરિણામ તા.૧૯/૯/૨૪ | ઝોન કક્ષા પરિણામ તા.૬/૧૦/૨૪ |
|---|---|---|---|---|---|
| ૧ | સર્જનાત્મક કારીગરી | અ | વસાવા ભવ્યા અક્ષયકુમાર (૪-બ) | પ્રથમ | પ્રથમ (૧૫૦૦ રૂ.) |
| ૨ | લોકવાદ્ય સંગીત | ખુલ્લો | જાદવ કાવ્યકુમાર અંકુર (૧-બ) | પ્રથમ | પ્રથમ (૧૫૦૦ રૂ.) |
| | | | ફરસરામ જૈવલ કિશન (૪-બ) | દ્વિતિય | |
| ૩ | દોહા-છંદ-ચોપાઇ | ખુલ્લો | ટેલર દેવશ્રી ધવલભાઇ (૭-અ) | પ્રથમ | દ્વિતીય (૧૫૦૦ રૂ.) |
| ૪ | લગ્ન ગીત | બ | કાયસ્થ ચાર્મી પિંકેશભાઇ (૬-બ) | પ્રથમ | ભાગ લીધો. |
|  | | | પઢિયાર માહી ચિંતનભાઇ (૬-બ) | |  |
| | | | કાયસ્થ યસ્વી રાહુલભાઇ (૬-બ) | | |
| | | | જાદવ વિધિ જીજ્ઞેશભાઇ (૬-બ) | | |
| | | | ચૌહાણ રાહિલ આર. (ઢોલ) | | |
|  | | અ | વણકર પલક રણજીતભાઇ (૩-બ) | દ્વિતીય | |
| | | | સોલંકી આસ્વી સુનિલકુમાર (૩-બ) | |  |
| | | | કાયસ્થ મહેક પિન્કેશભાઇ (૩-બ) | | |
| | | | અટોદરિયા વેદાંશી હિરરાજસિંહ (૫-બ) | | |
| | | | ચૌહાણ રાહિલ આર. (ઢોલ) | | |
| ૫ | નિબંધ લેખન | બ | પરમાર પ્રાર્થના હિતેશભાઇ (૫-બ) | તૃતીય | |






**કલા ભારતી ચાઇલ્ડ આર્ટ ઇન્સ્ટીટ્યૂટ, અલાહાબાદ આયોજીત**

## કલાભારતી નેશનલ લેવલ ડ્રોઇંગ એન્ડ હેન્ડ રાઇટીંગ કોમ્પીટીશન-૨૦૨૪ (ગુ.મા.)

મુખ્ય કન્વી: અરવિંદભાઇ પરમાર

❖ **<u>ડ્રોઇંગ કોમ્પીટીશન</u> :** બાળ કલારત્ન એવોર્ડમાં શિશુ-૧ થી ધો. ૧૦ નાં કુલ ૨૭૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

➤ **<u>૧૦ ગ્રામ સીલ્વર મેડલ અને સર્ટી :</u>** પડશાળા રવિ ગિરીશભાઇ (૮-અ)

➤ **<u>બ્રાસ મેડલ :</u>**

૧. વસાવા દેવાન્શ વીજયભાઇ (શિશુ-૧)
૨. માછી આધ્યા મનીષભાઇ (ધો-૧)
૩. પટેલ કશ્યપ ધવલકુમાર (૩-અ)
૪. લીમ્બચીયા જય અન્કુરભાઇ (૪-બ)
૫. પટેલ હેનીલ નીતીનભાઇ (૫-બ)
૬. રાણા યશ જીતેન્દ્રકુમાર (૬-અ)
૭. મિસ્ત્રી ડીમ્પી પીયુષભાઇ (૭-અ)
૮. મઢીવાલા સરયુ સંજભાઇ (૯-બ)
૯. માછી તેજસ્વી સતીષભાઇ (૯-બ)







❖ **<u>હેન્ડ રાઇટીંગ કોમ્પીટીશન :</u>**

➤ સોલંકી રુદ્ર ધર્મેશ (૧૦-બ)

ज्ञानी और अज्ञानी दोनों को ही समझाया जा सकता है
परन्तु अभिमानी और अहंकारी को कोई नहीं समझा सकता
उसे तो केवल वक्त ही समझाता है।

